ક્રમાંકઃ પ્રાથ/માન્યતા/૧૧/ ૪-૬
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર. તા. ૧૯-૧-૨૦૧૨

નોન ગ્રાન્ટેડ
નવી શાળા

ANNEXURE - 3A

પ્રતિ,
સંચાલકશ્રી/પ્રમુખશ્રી,
**પોદાર લીટરેસી એન્ડ એજયુકેશન ટ્રસ્ટ,**
**પોદાર સેન્ટર,૮૫,**
**સમરબાગ, પો.લેન,**
**ડો.આંબેડકર રોડ,પારલે ઈસ્ટ,**
**મુંબઈ.**

વિષયઃ—ખાનગી પ્રાથમિક શાળાને માન્યતા આપવા બાબત.

સંદર્ભઃ—૧: પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,ગાંધીનગરના પત્ર ક્રમાંકઃપ્રાશિનિ/ખ—૨/માન્યતા/૨૦૧૧/ ૬૪૪—૬૯૬ તા.૨૦/૦૪/૨૦૧૧
૨:આપના ટ્રસ્ટની રજુઆત તાઃ—૧૫—૦૬—૨૦૧૧
૩:અત્રેની કચેરીના શિક્ષણ નિરીક્ષક/મ.શિ.નિ.અરજીની ચકાસણી અંગેનો અહેવાલ.
૪:અત્રેની કચેરીના શિક્ષણ નિરીક્ષક/મ.શિ.નિ.અરજીની ચકાસણી અંગેનો અહેવાલ.
૫:અત્રેની કચેરીના પત્રક્રમાંકઃપ્રાથ/માન્યતા/૧૧/૩૩૯—૪૧ તા.૦૭/૦૬/૨૦૧૧
૬:આપના ટ્રસ્ટની રજુઆત તાઃ—૧૭—૦૬—૨૦૧૧
૭:અત્રેની કચેરીના શિક્ષણ નિરીક્ષક/મ.શિ.નિ.અરજીની ચકાસણી અંગેનો અહેવાલ.

જયભારત સાથ ઉપરોકત વિષય પરત્વેની આપની સંસ્થા **પોદાર ઈન્ટરનેશનલ સ્કુલ, માતૃકૃપા,તંબોલી કાસ્ટીંગ લી.,ગેટ નં.—૨ની સામે, વરતેજ,ભાવનગર** શાળાની માન્યતા માટે કરેલ અરજીના સંદર્ભ કરવામાં આવેલ ચકાસણી અને પત્ર વ્યવહારના સંદર્ભે આપના દ્વારા **જુન—૨૦૧૧**થી શરૂ કરવામાં આવનાર શાળાને પ્રાથમિક શાળા માટે ધોઃ—**૧ થી ૫— અંગ્રેજી માધ્યમ** ની મંજુરી નીચેની શરતોના પાલન કરવાની શરતે મંજુરી આપવામાં આવે છે.

૧. પ્રવેશ વખતે શાળા સંચાલક મંડળ કે શાળા દ્વારા કોઈપણ પ્રકારની કેપીટેશન ફી, દાન(ડોનેશન) અનામત લઈ શકશે નહિં કે વાલીઓ કે બાળકોના ઈન્ટરવ્યુ લઈ શકશે નહિં.
૨. શાળા કોઈ બાળક ને ઉંમરના પુરાવાના અભાવે પ્રવેશ માટે ના પાડી શકશે નહિં કે,ધર્મ,જ્ઞાતિ કે જાતી કે જન્મ સ્થળ કે તેમાંથી કોઈપણ એક કારણસર પ્રવેશ આપવા માટે ના પાડી શકશે નહિં.
૩. શાળાએ ખાતરી આપવાની રહેશે કે,
   - શાળામાં દાખલ થયેલ કોઈપણ બાળકને પ્રાથમિક શિક્ષણ પુરુ થાય ત્યાં સુધી કોઈ વર્ગમાં રોકી શકશે નહિં કે વર્ગ કે શાળામાંથી બહાર કાઢશે નહિં.
   - કોઈપણ બાળકને શારીરીક શિક્ષા કરશે નહિં. કે માનસિક ત્રાસ આપશે નહિં.
   - પ્રાથમિક શિક્ષણ પુરૂ થાય ત્યાં સુધી બાળકે કોઈ બોર્ડની પરીક્ષા આપવાની રહેશે નહિં.
   - પ્રાથમિક શિક્ષણ પુરૂ કરનાર પ્રત્યેક વિદ્યાર્થીને તે અંગેનું પ્રમાણપત્ર આપશે.
   - મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમની ૧૯૪૭ અને મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો ૧૯૪૯ની જોગવાઈ મુજબ નિયત થયેલ લાયકાતવાળા શિક્ષકોને જ નિમણુંક આપશે.
   - શાળાનો કોઈ શિક્ષક ખાનગી ટયુશનને લગતી કોઈપણ પ્રવૃત્તિમાં ભાગ લેશે નહિ.
૪. રાજય સરકાર દ્વારા નિયત કરેલ સક્ષમ શૈક્ષણિક સત્તામંડળ દ્વારા નકકી કરેલા અભ્યાસક્રમને શાળામાં ભણાવવાના રહેશે.
૫. શાળા પાસે જેટલા વિદ્યાર્થીઓ સમાવી શકે તેવી માળખાકીય વ્યવસ્થા હોય તેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.

General Manager
(Saurashtra Region)
Podar International School

PRINCIPAL
PODAR INTERNATIONAL SCHOOL
BHAVNAGAR.

૬. શાળાની અંદર કોઈપણ પ્રકારના અમાન્ય વર્ગો ચલાવવાના રહેશે નહીં. કે, તે જ નામ હે જગ્યાએ શાળા અમાન્ય વર્ગો ચલાવી શકશે નહીં.
૭. શાળાનું મકાન, મેદાન કે અન્ય માળખાગત સુવિધાનો ઉપયોગ ફકત શિક્ષણ અને કુશ વિકસાવવામાં કરશે,સોસાયટી રજીસ્ટ્રેશન એકટ –૧૮૬૦ અથવા અનય કોઈપણ કાયદા હેઠ રચાયેલ મંડળ(સોસાયટી) જ શાળા ચલાવી શકે.
૮. શાળા, કોઈપણ વ્યકિત અથવા મંડળ અથવા વ્યકિતઓનાં મંડળ કે અન્ય વ્યકિતઓ દ્વારા નફા કરવાના હેતુથી ચલાવી શકશે નહિ.
૯. શાળાનાં નાણાકીય હિસાબોનું ચાર્ટડ એકાઉન્ટન્ટ પાસેથી ઓડીટ કરાવી તેનું પ્રમાણપત્ર અને જરૂરી સ્ટેટમેન્ટ સર્ટીફાય કરાવવાનું રહેશે.અને તેની એક નકલ જે તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને મોકલવાની રહેશે.
૧૦. શાળા દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ રાજય સરકાર અથવા સ્થાનિક સંસ્થાઓ દ્વારા વખતો–વખત જે પ્રકારની માહિતી માન્યતાની શરતોને પાલન અર્થે કે તેની ત્રુટીઓ દુર કરવા માટે જે માહિતી માંગવામાં આવે તે શાળા દ્વારા પુરી પાડવામાં આવશે.
૧૧. ઉપરોકત શરતોનું પાલન ન કરવામાં આવે તો શાળાની માન્યતા રદ કરવામાં આવશે.
૧૨. ભારત સરકારના બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ અધિનિયમ–૨૦૦૯ની કલમ–૧૯ અ ૨૫ હેઠળ નિયત કરેલા શાળા માટેના ધોરણ અને માપદંડ જાળવવાના રહેશે.
૧૩. રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજયુકેશન એકટ–૨૦૦૯ની કલમ–૧૨ (C) ની જોગવાઈ મુજબ પ્રવેશ ક્ષમતાના ઓછામાં ઓછા ૨૫% નબળા અને વંચિત વર્ગના બાળકોના પ્રવેશ માટે અનામત રાખવાની રહેશે.
૧૪. માન્ય શાળાએ શિક્ષણ વિભાગના તા.૩/૬/૨૦૧૦ના ઠરાવ ક્રમાંકઃપીઆરઈ/૧૪૨૦૧૦–૨૪૨૦૭૬ –ક માં દર્શાવ્યા મુજબના વિદ્યાર્થી–શિક્ષકોનું પ્રમાણ જાળવવાનું રહેશે.
૧૫. ભારત સરકારના બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ અધિનિયમ–૨૦૦૯ની કલમ–૧૮(૫)ની જોગવાઈ મુજબ કોઈપણ વ્યકિત માન્યતા પ્રમાણપત્ર મેળવ્યા સિવાય શાળા સ્થાપે અથવા ચલાવે અથવા માન્યતા ખેંચાયા પછી ચલાવવાનું રાખે તો તેને રૂપિયા એક લાખ સુધીનો દંડ થઈ શકશે. અને ઉલ્લંઘન ચાલુ રાખવાની બાબતમાં જેટલા દિવસ આ ઉલ્લંઘન ચાલુ રહે તે દરમ્યાન પ્રત્યેક દિવસ માટે રૂપિયા દસ હજાર સુધીનો દંડ થઈ શકશે.
૧૬. વર્ગ વધારા માટે શાળામાં ચાલતાં વર્ગોમાં સુવિધાઓ ઉપરાંત શાળામાં ભરતી કરેલા શિક્ષકો તાલીમી હોવા જોઈશે.
૧૭. દર્શાવેલ સ્થળે મંજુરીના વર્ષમાં શાળા શરૂ કરવામાં નહીં આવે તો આપના ધ્વારા મંજુરી આપો આ રદ થવા પાત્ર થશે.
૧૮. " નિર્ણય સામે નાખુશ થનાર મંડળ મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ–૧૯૪૭ની કલમ–૪૦(ક)ની જોગવાઈ અનુસાર શિક્ષણ વિભાગના સચિવશ્રી,(બ્લોક નં.–૫/૭ મા માળે, સચિવાલય,ગાંધીનગર)ને અપીલ કરી શકશે.

PRINCIPAL
PODAR INTERNATIONAL SCHOOL
BHAVNAGAR.

(એમ.એલ.રત્નુ)
જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ જાણ અને કાર્યવાહી અર્થે :</u>
શાસનાધિકારીશ્રી,
નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ, ભાવનગર.

General Manager
(Saurashtra Region)
Podar International School

<u>નકલ સવિનય રવાના :–</u>
શ્રી પ્રાથમિક શિક્ષણ નિયામક સાહેબ,
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.–૧૨,ગાંધીનગર.